# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જાપાનના પ્રધાનમંત્રી સનાઈ તાકાઈચીએ તમામ પ્રકારના આતંકવાદની સખત ટીકા કરી.**
2. **ભારત અને ફ્રાન્સ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી સતત મજબૂત થઈ રહી હોવાનું જણાવતા નાણામંત્રી નિર્મલા સીતારમણ.**
3. **પવિત્ર અમરનાથ યાત્રાનો આજથી પ્રારંભપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ - યાત્રાળુઓને શુભેચ્છાઓ પાઠવી.**
4. **ગુજરાતનાં નવસારી, વલસાડ - ગણદેવીમાં ભારે વરસાદને પગલે જળબંબાકારની સ્થિતિ.**
5. **BCCI એ શ્રીલંકા અને ભારત વચ્ચે ટેસ્ટ શ્રેણીનું સમયપત્રક જાહેર કર્યું.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩૦ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# MODI-JAPAN SUMMIT

પ્રધાનમંત્રી મોદી અને જાપાનના પ્રધાનમંત્રી સનાઈ તાકાઈચીએ તમામ પ્રકારના આતંકવાદની સખત ટીકા કરી છે.

નવી દિલ્હીમાં ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલન બાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં, બંને નેતાઓએ આતંકવાદ અને હિંસક ઉગ્રવાદની સખત ટીકા કરી છે.

પ્રસ્તુત  છે એક અહેવાલ

(BYTE: SAKLEN)

# JAPAN PM- DEPARTURE

દરમિયાન જાપાનના પ્રધાનમંત્રી સના તાકાઈચી સફળ મુલાકાત બાદ ભારતથી રવાના થયાં છે. સોશિયલ મીડિયા સંદેશમાં, વિદેશ મંત્રાલયે જણાવ્યું કે તેમની આ મુલાકાત બંને દેશોની ભાગીદારીને વધારવા અને ભારત-પ્રશાંત ક્ષેત્ર તથા શાંતિ, સમૃદ્ધિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપે છે.

# PM VISIT- RAJASTHAN/GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજસ્થાન અને ગુજરાતની મુલાકાત લેશે. તેઓ રાજસ્થાનમાં જોધપુર એરપોર્ટ પર નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે અને સંશોધિત ઉડાન યોજના પણ શરૂ કરશે. શ્રી મોદી બાલોત્રામાં લગભગ 1.06 લાખ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન પણ કરશે. સાંજે, પ્રધાનમંત્રી ગુજરાતની મુલાકાત દરમિયાન સાણંદમાં CG સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ સુવિધાનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ મંજૂર કરાયેલા પ્રથમ ચારમાંથી એક છે અને કુલ 7 હજાર 500 કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે વિકસાવવામાં આવ્યો છે.

# FM-FRANCE

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે ભારત અને ફ્રાન્સ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી સતત મજબૂત થઈ રહી છે. ભારત-ફ્રાન્સ વ્યાપાર ગોળમેજી પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે બંને દેશો ટેકનોલોજી, નવીનતા, ઉર્જા અને ડિજિટલ વિકાસના ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરી રહ્યા છે.

શ્રીમતી સીતારમણે ફ્રેન્ચ કંપનીઓ અને રોકાણકારોને વિકસિત ભારત 2047 ની યાત્રામાં ભાગીદાર બનવા આમંત્રણ આપ્યું. તેમણે કહ્યું કે ભારત અને ફ્રાન્સ AI ક્ષેત્રમાં વિશ્વસનીય ભાગીદાર છે.

નાણામંત્રીએ નોંધ્યું હતું કે છેલ્લા દસ વર્ષમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે વેપાર બમણો થયો છે. તેમણે ભારતમાં કાર્યરત લગભગ એક હજાર ફ્રેન્ચ કંપનીઓની હાજરીની પણ પ્રશંસા કરી.

# MY BHARAT CONCLAVE

નવી દિલ્હીમાં આજે યુવા બાબતોના વિભાગે આજે નવી દિલ્હીમાં માય ભારતનનું ઉદ્યોગ સંગઠન સંમેલન યોજાયું. એસોચેમ, ફિક્કી, સીએઆઈટી અને સીઆઈઆઈ સહિત અગ્રણી ઉદ્યોગ સંસ્થાઓએ આ સંમેલનમાં ભાગ લીધો. કાર્યક્રમનો ઉદ્દેશ્ય ઉદ્યોગ હિસ્સેદારોને માય ભારત ઇકોસિસ્ટમનો પરિચય કરાવવાનો અને ઉદ્યોગ સંગઠનો, કોર્પોરેટ્સ અને જાહેર ક્ષેત્રના ઉપક્રમોને આ પહેલમાં જોડાવા માટે આમંત્રિત કરવાનો હતો.

આ પ્રસંગે બોલતા, કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે દેશના યુવાનો 2047 સુધીમાં વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં મુખ્ય પ્રેરકબળ છે. તેમણે કહ્યું કે ઉદ્યોગ અને માય ભારત વચ્ચેનો સહયોગ આ યુવા ઊર્જાને રાષ્ટ્રીય વિકાસ લક્ષ્યો તરફ વાળવામાં મદદ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# KERALA CM

તિરુવનંતપુરમમાં, કેરળના મુખ્યમંત્રી વી.ડી. સતીસને સ્પષ્ટતા કરી કે વિઝિંજામ બંદરના  હિસ્સામાં કોઈપણ ફેરફાર સરકારની પરવાનગી વિના શક્ય નથી.

તેઓ વિઝિંજામ બંદરનું સંચાલન કરતી કંપનીમાં ખાનગી રોકાણકારોના હિસ્સામાં ફેરફાર અંગેના અહેવાલોનો જવાબ આપી રહ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું કે વિદેશી કંપની દ્વારા 49 ટકા હિસ્સાના રોકાણની જાહેરાત રાજ્ય સરકારને જાણ કર્યા વિના કરવામાં આવી હતી.

# PM--AMARNATH-YATRA

પવિત્ર અમરનાથ યાત્રા આજે સવારે જમ્મુ અને કાશ્મીરના પહેલગામ અને બાલતાલ રૂટથી શરૂ થઈ હતી. ૫૭ દિવસની યાત્રા દરમિયાન દેશભરમાંથી લાખો યાત્રાળુઓ પવિત્ર અમરનાથ ગુફા મંદિરના દર્શન કરશે. પ્રસ્તુત છે એક અહેવાલ

## (BYTE: ISHFAQ SHAH)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમરનાથ યાત્રા કરી રહેલા યાત્રાળુઓને શુભેચ્છાઓ પાઠવી છે. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે અમરનાથ યાત્રા શ્રદ્ધા, સાંસ્કૃતિક એકતા અને સેવાના મૂલ્યોને મજબૂત બનાવતી રહેશે. તેમણે બધા યાત્રાળુઓની સલામતી અને સુખાકારી માટે પ્રાર્થના કરી અને બાબા અમરનાથના આશીર્વાદથી વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે નવી ઉર્જા, આધ્યાત્મિક શક્તિ અને વધુ સમર્પણની પ્રેરણા મળે તેવી શુભેચ્છા પાઠવી.

શ્રી મોદીએ ભારતીય સેના, સીઆરપીએફ, જમ્મુ અને કાશ્મીર પોલીસ, બીએસએફ, એનડીઆરએફ, ડોકટરો અને આરોગ્ય કર્મચારીઓ, વહીવટી અધિકારીઓ, સ્વચ્છતા કર્મચારીઓ અને યાત્રાળુઓની સેવામાં રોકાયેલા દરેકને શુભેચ્છાઓ પાઠવી છે.

# GUJARAT WEATHER

ગુજરાતમાં છેલ્લા 24 કલાકમાં 172 તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ જૂનાગઢના માંગરોળ અને સૂત્રપડામાં 13 ઇંચ તો જુનાગઢ અને ગીર સોમનાથ જીલ્લામાં 10 ઇંચ વરસાદ નોંધાયો છે. મોટાભાગના જિલ્લાઓની નદીઓમાં નવા નીરની આવક થઈ છે અને ડેમોના સ્તરમાં પણ વધારો છે. નીચાણવાળા ગામોને એલર્ટ કરી અસરગ્રસ્ત ગામના લોકોને સ્થળાંતર કરવા સૂચના અપાઈ હતી.

આજે સવારે 6 થી 10 વાગ્યા સુધીમાં અનેક જિલ્લામાં 5 ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. નવસારીના ચીખલીમાં 8 ઇંચ વરસાદ ખાબકતા પૂરની સ્થિતિ સર્જાઈ છે. લોકોના ઘરોમાં પાણી ભરાયા છે. વલસાડ અને ગણદેવીમાં 6 ઇંચથી વધુ તો ડાંગમાં 5 ઇંચ વરસાદ નોંધાયો છે . ભારે વરસાદના પગલે NDRFની ટીમો તૈનાત કરવામાં આવી છે.

રાજ્ય પર એક સાથે પાંચ પાંચ સિસ્ટમ સક્રિય થતા ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યકત કરવામાં આવી છે. વાવણીલાયક વરસાદ થતા ધરતીપુત્રોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# DELHI POLICE CHARAS

દિલ્હી પોલીસના સ્પેશિયલ સ્ટાફની ટીમે નવ કરોડ રૂપિયાનો આઠ કિલોગ્રામથી વધુ નશાકારક પદાર્થ જપ્ત કર્યો. આ સાથે તેની હેરફેરીમાં સામેલ ત્રણ નેપાળી નાગરિકોની પણ ધરપકડ કરવામાં આવી છે. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ ભારત-નેપાળ સરહદ પરથી આ પદાર્થ મેળવતા હતા અને વોટ્સએપ-આધારિત ડિલિવરી નેટવર્ક દ્વારા તેને દિલ્હીમાં વેચતા હતા. વધુ તપાસ ચાલી રહી છે.

# SL-INDIA TEST SCHEDULE

BCCI એ શ્રીલંકા અને ભારત વચ્ચે ટેસ્ટ શ્રેણીનું સમયપત્રક જાહેર કર્યું છે. આ શ્રેણી 15 થી 27 ઓગસ્ટ દરમિયાન રમાશે.

પહેલી ટેસ્ટ 15 ઓગસ્ટથી ગાલે ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે. બીજી ટેસ્ટ 23 ઓગસ્ટથી કોલંબોમાં રમાશે. આ શ્રેણી ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ભાગ છે. શુભમન ગિલના નેતૃત્વમાં, ભારતીય ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સ્ટેન્ડિંગમાં પાંચમા ક્રમે છે.

દરમિયાન, ઇંગ્લેન્ડ સામેની પાંચ મેચની T20I શ્રેણીની પહેલી મેચ બુધવારે ચેસ્ટર-લે-સ્ટ્રીટ ખાતે વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. બીજી T20I આવતીકાલે માન્ચેસ્ટરમાં રમાશે.

# DAY FIFA WORLD CUP

ફિફા વર્લ્ડ કપમાં, સ્વિટ્ઝર્લેન્ડે અલ્જેરિયાને 2-0 થી હરાવીને રાઉન્ડ ઓફ 16 માં પ્રવેશ કર્યો. જ્યારે  સ્પેને ઓસ્ટ્રિયાને 3-0 થી હરાવીને રાઉન્ડ ઓફ 16 માં સ્થાન મેળવ્યું. દરમિયાન, પોર્ટુગલ પણ રાઉન્ડ ઓફ 32 મેચમાં ક્રોએશિયાને 2-1 થી હરાવીને રાઉન્ડ ઓફ 16 માં પ્રવેશ્યું છે.  આજે ઓસ્ટ્રેલિયા ભારતીય સમય મુજબ રાત્રે 11:30 વાગ્યે ઇજિપ્ત સામે ટકરાશે. દરમિયાન ગઈકાલે, બેલ્જિયમ, અમેરિકા અને ઇંગ્લેન્ડ પણ રાઉન્ડ ઓફ ૧૬માં પહોંચી ગયા હતા. ફ્રાન્સ, નોર્વે, કેનેડા, મોરોક્કો, બ્રાઝિલ અને પેરાગ્વે પણ ક્વોલિફાય થયા.